Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# માનવવિકાસ સૂચકઆંક : ભારત (1990 થી 2015)

**જાટવા સંગીતાબેન ભૂપતભાઈ**
પીએચ.ડી. શોધાર્થી અર્થશાસ્ત્ર વિભાગ,ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ-14

ટુંકસાર
વિશ્વ બેંક દ્વારા દર વર્ષે વિશ્વ માનવ વિકાસ અહેવાલ બહાર પતવામાં આવે છે, જેમાં વિશ્વના જુદા જુદા દેશોને ૦ થી ૧ ની વચ્ચેનો આંક આપીને તમામ દેશોનો માનવ વિકાસનો ક્રમ નક્કી કરવામાં આવે છે આ પેપરમાં આ માનવ વિકાસ આંકની રચના અને ભારતમાં માનવ વિકાસના વલણોને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે આશા છે કે માનવ વિકાસ અંગે અભ્યાસ કરતા અભ્યાશુને આ પેપર ઉપયોગી થશે

મુખ્ય શબ્દો – માનવ વિકાસ આંક, આરોગ્ય, શિક્ષણ, માથાદીઠ આવક, વિકાસશીલ દેશો,

**(1) પ્રસ્તાવના :**

દેશના વિકાસને માત્ર તેની રાષ્ટ્રીય આવકમાં થતી વૃદ્ધિના આધારે માપવામાં આવે છે. આર્થિક વિકાસના માપદંડ તરીકે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકને આર્થિક વિકાસ માનીને આર્થિક વિકાસના મૉડેલો રજૂ થાય છે. એવા સમયે માનવવિકાસ આંક એક પડકારરૂપ બનતો જાય છે. માત્ર નીતિ, કાયદો નિયમો કે વિકાસની વ્યૂહરચના બદલવાથી આર્થિક વિકાસ માનવીય ચહેરાવાળો બને એ સંભાવના ઓછી છે તેથી આર્થિક વિકાસ, આર્થિક વૃદ્ધિ અને માનવવિકાસ વગેરેનો અર્થ મૂળભૂત રીતે સમજવો જરૂરી છે.

આર્થિક વિકાસ અને માનવવિકાસ એકબીજાને જોડતી કડી છે. કોઈપણ દેશ જોડે ભૌતિક અને નાણાંકીય મૂડી બંને હોય પણ ગુણવત્તાસભર માનવમૂડી પૂરતા પ્રમાણમાં ન હોય તો તે રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં પરિણમતું નથી. આર્થિક કલ્યાણને માનવવિકાસ સાથે સંબંધ છે. માનવવિકાસને શિક્ષણ, આરોગ્ય, આયુષ્ય, સાધનપ્રાપ્તિ વગેરે સાથે સંબંધ છે. આ વિચારધારામાં માણસકેન્દ્ર સ્થાને છે. આર્થિક વિકાસ તો એક માત્ર સાધન છે. છેવટનું ધ્યેય તો માનવીય વિકાસ અને માનવકલ્યાણ જ આર્થિક વિકાસ તો દેશની રાષ્ટ્રીય આવક અને સંપત્તિમાં વધારો દર્શાવે છે. જ્યારે માનવવિકાસ સૂચકઆંક એ તો દેશની પ્રગતિનો વધુ સર્વગ્રાહી સામાજિક-આર્થિક માપ દર્શાવે છે.

માનવવિકાસ અને સંપોષિત વિકાસના સમર્થકોમાં નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય પ્રો.અમર્ત્ય સેનનો તેમજ પાકિસ્તાનના ડૉ.મહેબુબ ઉલ-હક્કનો સમાવેશ થાય છે. વિશ્વ વિકાસ અહેવાલનાં પૂરકરૂપ માનવવિકાસ અહેવાલ બહાર પાડવાની આવશ્યકતા ઊભી થઈ

ઈ.સ.1990-91 થી (United National Development Programme - UNDP) માનવવિકાસ સૂચકઆંક અહેવાલ બહાર પાડે છે જેનું વડુમથક અમેરિકાના ન્યૂયોર્કમાં આવેલું છે.

**(2) માનવવિકાસ સૂચકઆંકની વિભાવના અને માપદંડો :**

માનવવિકાસની વિભાવના વાસ્તવમાં નવી નથી. વિદ્વાનો અને તત્વચિંતકોએ દરેક સંસ્કૃતિના પ્રારંભના સમયથી માનવસમાજના ઉદ્દેશ તરીકે રાષ્ટ્રીય સંપત્તિની પ્રાપ્તિના ખ્યાલની યોગ્યતા અંગે હંમેશા શંકા ઉઠાવી છે.

એરિસ્ટોટલના મતે,

"આપણે જેને ભલા માટે શોધીએ છીએ તે સ્પષ્ટ રીતે સંપત્તિ તો નથી જ કેમ કે તે બીજા કોઈકના માટે ઉપયોગી છે. (UNDP-1993) એટલે કે માનવોના કલ્યાણ માટે છે."

- માનવવિકાસ એટલે લોકો જીવનમાં વિશાળ તક મેળવી શકે તે માટે તેમની ક્ષમતાની વૃદ્ધિ.
- માનવવિકાસ એટલે જેમનામાં મૂળભૂત ક્ષમતા ન હોય તેમનામાં તેનો વિકાસ કરવો તે.

**(3) માનવ વિકાસ આંકની સમજ**

માનવીય વિકાસની વિભાવના એ સૌથી પ્રભાવશાળી વિચાર છે જેને તાજેતરના સમયમાં વિકાસલક્ષી વિચારને આકાર આપ્યો છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે આર્થિક વૃદ્ધિ અને જીવનની ગુણવત્તા વચ્ચે કોઈ હકારાત્મક સંબંધ નથી. ઉચ્ચ સ્તરના વિકાસમાં રાષ્ટ્રોને સમાન સામાજિક વિકાસની જરૂર નથી, તેથી આર્થિક વિકાસ અને સામાજિક વિકાસ વચ્ચે એક અભિન્ન લિંક જરૂરી છે. "માનવ વિકાસ" સંભવતઃ એ લિંક છે, જે માત્ર વસ્તુના ઉત્પાદન અને વિતરણને જ નહીં પરંતુ માનવ ક્ષમતાના વિસ્તરણ અને ઉપયોગને એક સાથે લાવે છે. માનવ સ્વાસ્થ્યના ભોગે તે સુખાકારી અને બિન-આર્થિક વૃદ્ધિને માપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કે, તે માપવા માટે નહીં પણ અર્થતંત્રમાં માનવ મૂડીના એકંદર મૂલ્યનો ઉમેરો કરવા સામાજિક અને સંસ્થાકીય મૂડી કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું એક મોડેલ વિકસાવી શકાય છે.

1990 માં યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા પ્રથમ માનવ વિકાસ અહેવાલ (HDR) ના પ્રકાશન અને માનવ વિકાસ આંક (HDI) ની કલ્પનાની રજૂઆત સાથે વિકાસલક્ષી સિદ્ધાંતો, માપ અને નીતિના લેન્ડસ્કેપનું રૂપાંતર કરવામાં આવ્યું હતું.

HDIને પ્રોફેસર અમર્ત્ય સેન ક્ષમતાઓનો અભિગમ દર્શાવે છે, જેનો અર્થ થાય છે સમાપ્તિના અંત (જીંદગીના યોગ્ય ધોરણ) (માથાદીઠ આવક) પર ભાર મૂકે છે. HDRમાં ઉપયોગમાં લેવાતા વિકાસના ત્રણ મહત્ત્વપૂર્ણ કાર્યો આરોગ્યની, શિક્ષણ અને જીવનધોરણ. આ ત્રણ અને અન્ય ક્ષમતાઓ દ્વારા વ્યક્તિ સુખાકારીની ઇચ્છિત સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

**(૪) માનવવિકાસ આંકની ગણતરીની પધ્ધતિ**

**[૧] માનવવિકાસ આંક (Human Development Index) – HDI**

માનવવિકાસના ચાવીરૂપ પરિમાણોનું સંક્ષિપ્ત પ્રમાણ એટલે માનવ વિકાસ આંક. માનવવિકાસ આંક દ્વારા લાંબુ અને તંદુરસ્ત જીવન, શિક્ષણમાં વૃદ્ધિ અને યોગ્ય જીવનધોરણ જેવા ત્રણ માનવવિકાસના મૂળભૂત પરિમાણોમાં દેશની સરેરાશ સિદ્ધિઓને માપવામાં આવે છે. માનવવિકાસ આંકના ત્રણ પરિમાણો છે

$$\left(I_{life}{}^{1/3} \cdot I_{Educqtion}{}^{1/3} \cdot I_{Income}{}^{1/3}\right)$$

1. જીવન (સરેરાશ આયુષ્યમર્યાદા )
2. શિક્ષણ
3. માથાદીઠ આવક (PPP$)

આ ત્રણેય ઘટકોને ગણીને માનવવિકાસ આંક નક્કી કરવામાં આવે છે. આમ ત્રણે આંકોની સાદી સરેરાશ લઈને માનવવિકાસ આંકનું નિર્માણ કરવામાં આવે છે.

**માનવવિકાસ આંક માટેના રેખાચિત્રો (UNDP – 2013)**

| ક્રમ | નિર્દેશકો (ઘટકો) | મહત્તમ મુલ્ય | લઘુત્તમ મુલ્ય |
|---|---|---|---|
| ૧ | અપેક્ષિત આયુષ્ય (વર્ષમાં) | ૮૩.૬ | ૨૦.૦ |
| | | (જાપાન) | |
| _ | અભ્યાસના સરેરાશ વર્ષ | ૧૩.૩ | ૦ |
| | | યુ.એસ.- ૨૦૧૦ | |
| _ | અભ્યાસના અપેક્ષિત વર્ષ | ૧૮.૦ | ૦ |
| | | (Capped at) | |
| ૨ | સયુંક્ત શિક્ષણ આંક | ૦.૯૭૧ | ૦ |
| | | (ન્યુઝીલેન્ડ-૨૦૧૦) | |
| 3 | માથાદીઠ આવક (PPP$) | ૮૭,૪૭૮ | ૧૦૦ |
| | | (કટાર-૨૦૧૨) | |

ન્યુનત્તમ અને મહત્તમ કિંમતને વ્યાખ્યાયિત કરતા સૂચક આંકોની ગણતરી નીચે મુજબના સૂત્ર દ્વારા કરી શકાય છે.

$$\text{પરિમાણ સૂચકઆંક} = \frac{\text{વાસ્તવિક મૂલ્ય – ન્યુનતમ મૂલ્ય}}{\text{મહત્તમ મૂલ્ય–ન્યુનતમ મૂલ્ય}} \quad \ldots\ldots\ldots(1)$$

**[૧] જન્મ સમયે અપેક્ષિત જીવન :- (સરેરાશ આયુષ્ય મર્યાદા)**

જીવનનો સંભવિતા આંકને માપવા માટે જે –તે દેશ સબંધિત જન્મ સમયે પ્રાપ્ત આયુષ્ય સંભવિતતા ઉદાહરણ મુજબ ધાના દેશ માટે અપેક્ષિત આયુષ્ય મર્યાદા ૬૪.૬ રાખવામાં આવી છે.

$$\text{અપેક્ષિત આયુષ્ય આંક} = \frac{\text{૬૪.૬−૨૦.}}{\text{૮૩.૬−૨૦.}} = \text{૦.૭૦૧}$$

**[૨] શિક્ષણઆંક :-**

શિક્ષણઆંક મેળવવા માટે બે બાબતોને ગણવામાં આવે છે.(૧) અભ્યાસના વર્ષ અને અપેક્ષિત અભ્યાસના વર્ષ ને સંયુક્ત રીતે ગણીને શિક્ષણઆંક મેળવવામાં આવે છે. ઉદાહરણ મુજબ ધાના દેશ માટે શિક્ષણઆંક નીચે મુજબ છે.

(A) અભ્યાસના વર્ષ આંક $= \frac{૭.0 - 0}{૧3.3 - 0}$

(B) અભ્યાસના અપેક્ષિત વર્ષ આંક $= \frac{૧૧.૪ - 0}{૧૮.0 - 0}$

$= \text{શિક્ષણઆંક} = \frac{\sqrt{0.૫૨૭.0.૬3૪} - 0}{0.૯૭૧ - 0} = 0.૫૯૬$

**[3] કુલ રાષ્ટીય આવક આંકની ગણતરી (GNI) :-**

કુલ રાષ્ટીય આવક (GNI) ને માથાદીઠ ($) વપરાશવૃત્તિ સાથે રૂપાંતરિત કરીને ઉપયોગમાં લેવામાં આવે છે. માનવીયવિકાસ માટે અમર્યાદિત આવક જરૂરી નથી. તેના પરિણામે આવકના ભારાંકનો ઉપયોગ કરવામાં આવે છે. વર્ષ ૨0૧3ના માનવવિકાસ અહેવાલમાં માથાદીઠ ($) ૮૭,૪૭૮ છે. ઉદાહરણ ધણા દેશ માટે ln 1684($) છે.

$$\text{આવક આંક} = \frac{\ln(1684) - \ln(100)}{\ln(87{,}478) - \ln(100)} = 0.417$$

- **માનવવિકાસ આંકની ગણતરી :- (HDI)**

માનવવિકાસ આંકની ગણતરી માટે સામાન્ય સરેરાશ માટે ત્રણ પરિમાણોનો આંકને ગણવામાં આવે છે.

માનવવિકાસ આંક = ૧/3 (જી.સ.આંક) + ૧/૨ (સ.શિ.આંક) + ૧/૨ (જી.એન.પી.)

= ૧/3 (0.૭0૧ ) +૧/3 (0.૫૯૬) + ૧/3 (0.૪૧૭)

$= \sqrt{0.૭0૧.0૫૯૬.૪૧૭}$

= 0.૫૫૮

**માનવવિકાસના માપદંડો :**

માનવવિકાસ આંક (HDI)ના મુખ્ય ત્રણ ઘટકો છે.

(1) શિક્ષણ

(2) આરોગ્ય અપેક્ષિત આયુષ્ય

(3) માથાદીઠ આવક

ઉપરોક્ત પ્રથમ બે ઘટક બિનઆર્થિક છે. જ્યારે માથાદીઠ આવક એ આર્થિક ઘટક છે. આમ આ ઘટકોને ધ્યાનમાં રાખીને માનવવિકાસ આંક નક્કી કરવામાં આવે છે. માનવ વિકાસ આંકનું મૂલ્ય 0 થી 1 ની વચ્ચે આવે છે. જેમાં 0 એ ન્યુનતમ સરેરાશ મૂલ્ય છે જ્યારે 1 એ

મહત્તમ સરેરાશ મૂલ્ય છે. આ ઘટકોની પસંદગી વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. પસંદ થયેલા ઘટકોનો સૂચકઆંક બનાવવામાં આવે છે જેનું સૂત્ર નીચે મુજબ છે.

સૂચકઆંક સૂત્ર = $\frac{\text{વાસ્તવિક મૂલ્ય} - \text{લઘુતમ મૂલ્ય}}{\text{મહત્તમ મૂલ્ય} - \text{લઘુતમ મૂલ્ય}}$

ઉદાહરણ

| નિર્દેશકો (ઘટકો) | મહત્તમ મૂલ્ય | લઘુતમ મૂલ્ય |
|---|---|---|
| અપેક્ષિત આયુષ્ય (વર્ષમાં) | 83.6 (જાપાન-2012) | 20.0 |
| શિક્ષણ સરેરાશ વર્ષ | 13.3 (યુ.એન. 2012) | 0 |
| અપેક્ષિત શિક્ષણ વર્ષ | 18.0 | 0 |
| સંયુક્ત શિક્ષણ આંક | 0.974 (ન્યુઝીલેન્ડ 2010) | 0 |
| માથાદીઠ આવક (PPP$) | 87,478 (કતાર 2012) | 100 |

સ્રોત : માનવવિકાસ અહેવાલ 2013 પેજ નં.3

માનવવિકાસ આંકનું ચાર વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

Very High HDI = ઘણો ઊંચો માનવ વિકાસ આંક (HDI 0.900 કે તેથી વધુ)

High HDI = ઊંચો માનવવિકાસ આંક (HDI 0.800 થી 0.899)

Medium HDI = માધ્યમ માનવ વિકાસ આંક (HDI 0.500 થી 0.799)

Low HDI == નીચો માનવવિકાસ આંક (HDI 0.500 થી નીચે)

**વિશ્વના દેશોના માનવવિકાસ સૂચકઆંકમાં ભારત (1990 થી 2015) :**

આજે વિશ્વ આખું ઉદારીકરણ વૈશ્વિકરણ અને ખાનગીકરણ તરફ જઈ રહ્યું છે. ત્યારે દુનિયાના ઘણા દેશોની માથાદીઠ આવક ઊંચી છે. પણ માનવવિકાસ આંકમાં તેઓ ઘણા પાછળ છે. માત્ર આવક એ વિકાસનું સૂચક નથી. આવકની સાથે-સાથે લોકોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, આયુષ્ય, કામ કરવાની સમાન તકો, મહિલા વિકાસ અને સ્વતંત્રતા પણ એટલા જરૂરી છે. આ બધી જ બાબતોમાં ભારત પણ હકારાત્મક સુધારા કરતું દેખાઈ છે. જે 2016ના UNDP ના અહેવાલ મુજબ વિશ્વના દેશોનો માનવ વિકાસક્રમ નીચે મુજબ છે.

વિશ્વનાં વિવિધ દેશોનું માનવવિકાસ સૂચકઆંકનું મૂલ્ય દર્શાવતું કોષ્ટક

| માનવવિકાસ સૂચકઆંકનું (HDI) નું મૂલ્ય | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | દેશનું નામ | 1990 | 2000 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 | 2015 | 2010-2015 |
| ઘણો ઉંચો માનવવિકાસ આંક | | | | | | | | | | |
| 1 | નોર્વે | 0.849 | 0.917 | 0.939 | 0.941 | 0.942 | 0.945 | 0.948 | 0.949 | 0 |
| 2 | ઓસ્ટ્રેલીયા | 0.866 | 0.899 | 0.927 | 0.930 | 0.933 | 0.936 | 0.937 | 0.939 | 1 |
| 3 | સ્વીઝરલેન્ડ | 0.831 | 0.888 | 0.932 | 0.932 | 0.934 | 0.936 | 0.938 | 0.939 | 0 |
| 4 | જર્મની | 0.801 | 0.860 | 0.912 | 0.916 | 0.919 | 0.920 | 0.924 | 0.926 | 0 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊંચો માનવવિકાસ આંક | | | | | | | | | |
| 52 | બેલારૂસ | - | 0.681 | 0.787 | 0.793 | 0.796 | 0.796 | 0.798 | 0.796 | 1 |
| 52 | ઓમાન | - | 0.705 | 0.797 | 0.797 | 0.796 | 0.796 | 0.795 | 0.796 | -3 |
| 54 | બાર્બાદોસ | 0.714 | 0.750 | 0.780 | 0.785 | 0.792 | 0.793 | 0.794 | 0.795 | 2 |
| 54 | ઉરુગ્વે | 0.692 | 0.742 | 0.780 | 0.784 | 0.788 | 0.791 | 0.794 | 0.795 | 2 |
| મધ્યમ માનવવિકાસ આંક | | | | | | | | | | |
| 108 | ટસબાન | 0.858 | 0.560 | 0.678 | 0.687 | 0.693 | 0.697 | 0.698 | 0.698 | -3 |
| 109 | ગેબોન | 0.620 | 0.633 | 0.664 | 0.669 | 0.678 | 0.687 | 0.694 | 0.697 | 5 |
| 131 | ભારત | 0.428 | 0.494 | 0.580 | 0.590 | 0.599 | 0.607 | 0.615 | 0.624 | 4 |
| 132 | ભૂટાન | - | - | 0.572 | 0.581 | 0.589 | 0.596 | 0.604 | 0.607 | 5 |
| નીચો માનવવિકાસ આંક | | | | | | | | | | |
| 154 | ઝિમ્બાવે | 0.499 | 0.427 | 0.452 | 0.464 | 0.488 | 0.498 | 0.507 | 0.516 | 15 |
| 159 | આન્ડા | 0.244 | 0.332 | 0.464 | 0.475 | 0.485 | 0.488 | 0.493 | 0.498 | 4 |
| 166 | ટોગો | 0.404 | 0.426 | 0.457 | 0.464 | 0.470 | 0.475 | 0.484 | 0.487 | -1 |
| 187 | નાઈજર | 0.212 | 0.255 | 0.323 | 0.331 | 0.341 | 0.345 | 0.351 | 0.353 | 1 |

ઉપરોક્ત કોષ્ટકમાં ઘણો ઊંચો માનવવિકાસ, ઊંચો, મધ્યમ અને નીચો માનવવિકાસ આંક ધરાવતા રાષ્ટ્રો આપેલા છે. અને 1990 થી 2015 સુધી રાષ્ટ્રોમાં આવેલા પરિવર્તનો દર્શાવ્યા છે. આ રાષ્ટ્રોમાં ભારતની સ્થિતિ શું છે ? તે પણ જોવા મળે છે.

UNDP - 2016ના માનવવિકાસ અહેવાલ મુજબ નોર્વે 0.949 (HDI) મૂલ્ય સાથે નોર્વે 0.949 () મૂલ્ય સાથે પ્રથમ ક્રમે આવે છે. નોર્વે 1990 થી 2015 સુધી HDI મૂલ્યમાં પ્રથમ ક્રમ પર છે. જર્મની 0.926 HDI મૂલ્ય સાથે ચોથા ક્રમે છે.

ભારત દેશનું HDI 1990 માં 0.428 હતું. 2000 માં 0.494 હતું. 2010માં 0.580 હતું તે વધીને વર્ષ 2015માં 0.624 જેટલું થયું છે. આ વધારો ભારતમાં થઈ રહેલા હકારાત્મક ફેરફારો દર્શાવે છે.

UNDP ના વર્ષ 2016ના અહેવાલ મુજબ દુનિયાના 188 દેશોના HDI માં ભારતનો ક્રમ 131 ક્રમ સાથે મધ્યમ કક્ષાના માનવવિકાસમાં આવે છે.

**ભારતમાં માનવવિકાસનો પ્રવાહ :**

નીચેના ચાર્ટમાં વર્ષ 1990 થી 2015 સુધીનો ભારતનો માનવવિકાસ સૂચકઆંકનું વલણ દર્શાવે છે.

**ભારતમાં માનવવિકાસ આંકનો પ્રવાહ (1990 થી 2015)**

| વર્ષ | ભારતના HDI નું મૂલ્ય |
|---|---|
| 1990 | 0.428 |
| 2000 | 0.494 |
| 2010 | 0.580 |
| 2011 | 0.590 |
| 2012 | 0.599 |
| 2013 | 0.607 |
| 2014 | 0.615 |
| 2015 | 0.624 |

ઉપરોક્ત ચાર્ટમાં વર્ષ-1990 થી 2015 સુધીનો ભારતના HDI નું મૂલ્ય દર્શાવવામાં આવ્યું છે. 1990 થી 2000 દરમિયાનના HDI માં ઝડપથી વધારો નોંધાયો છે. વર્ષ 2010 પછી તેમાં ધીમો વધારો નોંધાયો છે. જે ચાર્ટ પરથી સમજી શકાય છે.

**સમાપન :**

વિશ્વના ઘણા દેશોની આવક ઊંચી છે. પણ માનવવિકાસમાં તેઓ પાછળ છે. માત્ર આવકથી જ માનવકલ્યાણ થઈ જશે એવું નથી. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના મતે આર્થિક કલ્યાણને માનવવિકાસ સાથે સંબંધ છે. માનવવિકાસને શિક્ષણ, આરોગ્ય, આયુષ્ય, સાધનપ્રાપ્તિ વગેરે સાથે સંબંધ છે. તેઓ જણાવે છે કે જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે પાયાની જરૂરિયાતો જગતના બધા જ માનવીને મળી રહેવી જોઈએ. આ વિચારધારામાં માણસ કેન્દ્રસ્થાને છે. આર્થિક વિકાસ તો એક માત્ર સાધન છે. છેવટનું ધ્યેય તો માનવીય વિકાસ અને માનવકલ્યાણ જ છે. આર્થિક વિકાસ તો દેશની રાષ્ટ્રીય આવક અને સંપત્તિમાં વધારો દર્શાવે છે. જ્યારે માનવવિકાસ આંક એ તો દેશની પ્રગતિનો વધુ સર્વગ્રાહી સામાજિક-આર્થિક માપ છે.

માનવવિકાસમાં વૈશ્વિક સ્તરે અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં ભારતની સ્થિતિ તપાસતા ભારત કરતા વિશ્વના ઘણા દેશો આગળ છે. જ્યાં ભારતે હજી ઘણી પ્રગતિ તેમજ અર્થતંત્રના માળખામાં ઘણા પરિવર્તનો કરવા જરૂર છે

## સંદર્ભ સાહિત્ય

1 દેસાઈ, હસમુખ (૨૦૦૩) ગુજરાતના વંચિતો : માનવવિકાસના સંદર્ભમાં" વિશ્લેષણ વોલ્યુમ-૩૯, નં.૨, જુલાઈ-ડીસેમ્બર.

2 પટેલ, અરવિંદકુમાર "માનવઅધિકારથી માનવવિકાસ આંક તરફ" યોજના, જુન ૨૦૧૦,

3 પટેલ, જયવિલા શ. (૨૦૦૪) માનવવિકાસ અને આર્થિક વિકાસનો તુલનાત્મક અભ્યાસ" વલસાડ જિલ્લાના સંદર્ભમાં જ નં .૧૮-૧૯

4 મહાદેવીયા, ભીમસિહ હડીયોલ, "ભારતમાં માનવવિકાસ યોજના ", જુન ૨૦૧૦, પેજ નં.૧૫-૧૭

5 મહેબુબ ઉલ હક (૧૯૯૯) 'માનવકેન્દ્રી વિકાસનો અભિગમ'. પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી ૧૯૯૯, સરદાર પટેલ

ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇકોનોમિક એન્ડ સોશીયલ રિસર્ચ, અમદાવાદ.

6 વાંસિયા, યોગેશ ૨૦૦૮, 'ગુજરાતમાં માનવવિકાસ અંગેનું અન્વેષણ"

7 હિરવે, ઇન્દિરા અને મહાદેવીયા, દર્શિની 'ગુજરાત માનવવિકાસ અહેવાલ ૨૦૦૪", મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ

8 Aloysius, Ajab Amin (2003): "Economic Growth and Human Development with Capabilities Expansion", *www.econ.yale.edu/`egcentre/research.httm*.

9 Bagchi, K. K. and Sarkar. S (2003): "Development of Social Sector in West Bengal: A Study in Inter-District Disparity", *Indian Journal of Regional Science,* Vol. 35, No. 2, pp. 115-130.

10 Alexander V.Alex (1983): Human Capital Approach to Economic Development, Me Metropolitan Book Company Private Limited, New Delhi.

11 Baster, Nancy (1985): "Social Indicator Research: Some issues and Debates: in Social Development in the Third World: Level of Living Indicators & Social Planning", J. C. M. Hilhorst & M. Klatter Croom Helm, London.

12 Bhar dwaj & Bhar dwaj (1998): "Gender Related Development Index for Major States of India: An Economic Analysis", *The Indian Journal of Economics,* No.312, Vol. (59), pp. 9-19.

13 Chelliah, R.J & R.Sudarshan (1998): "Income Poverty & Beyond: Human Development in India", Social Science Press, New Delhi.

14 Chelliah, Raja J. and R.Sudarshan (1999): "Income Poverty and Beyond Human Development in India", Social Science Press, New Delhi.

15 Dala K. L (1991): "Human Development and Indian Perspective", Har Anand Publications, New Delhi.

16 Hari K. S. (2003) "Economic Growth and Human Development: Empirical Evidence from Indian States", *www.econ.yale.edu/`egcentre/research.httm*

17 Indian Human Development Report (1994) "The National Council of Applied Economic Research", *Oxford University Press*, New Delhi.

18 Jayant Kumar (2002): "Disparities in Economic Growth and Human Development: A State-wise Analysis", *www.econ.yale.edu/~egcenter/research.htm*

19 Mehta, Ashir (2003): "Human Development and Economic Growth: The Experience of India, 1980-96", edited by Ruddar Dutta, "Human Development and Economic Development", *Deep and Deep Publications Private Limited*, New Delhi.

20 Pattanaik, Basu, P & K.Suzumura (1999): "Choice, Welfare, & Development: A Festschrift in Honour of Amartya Sen", Oxford University Press, New Delhi. Brahmananda P.R. (1999): "Nobel Economics: A Historical Commentary from the Classical Angle", Himalaya Publishing House, Mumbai

21 Ramachandran V. K (1997): "On Kerala's Development Achievements", Jean Dreze & Amartya Sen, (eds), Indian Development: Selected Regional Perspectives, Oxford University Press, New Delhi.

22 Ramirez A.G. Ranis & F. Stewart (1998): "Economic Growth & Human Development", Working Paper No. 18, Queen Elizabeth House and Oxford University Press, Landon.

23 Rao ,alatha (1986) in Tilak B. G. (e.d.) "Education and Regional Development", Yatan Publications, New Delhi.

24 Sen, Amartya (1987): "The Standard of Living", Cambridge University Press, United Kingdom.

25 Sen,Amartya (1999): "Resources, Values & Development", Oxford University Press, New Delhi.

26 UNDP (1990) "First Human Development Report", *Oxford Publication,* New York.

27 UNDP (1996): Human Development Report, *Oxford Publication*, New York.

28 UNDP (1997) "The Road to Human Development", *Document of the UNDP*, New Delhi.

29 Verghesh (2000): "Human Development in India-Disparities and Distances", *www.econ.yale.edu/`egcentre/research.httm*

30 World Bank (1993) "East Asian Miracle: Economic Growth & Public Policy", Oxford University Press, New York.